| દાખલ તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ | | |
|---|---|---|---|
| રજીસ્ટર તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

**રાજકોટના મહે. ત્રીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. રાજકોટ.**

**<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૨૩૨૮/૨૦૨૬</u>**

**આંક–7**

૧. **હિમેશ હરેશભાઈ વાઘેલા,**
ઉ.વ.–૧૯, ધંધો–મજૂરી,
રહે. લાલ બહાદુર શાસ્ત્રી ટાઉનશીપ, બી.બી./૦૨, રાજકોટ.

૨. **કરમજીતસીંઘ સતનામસીંઘ બાવરી,**
ઉ.વ.–૨૪, ધંધો–તાળા ચાવી બનાવવાનો,
રહે. લાલ બહાદુર શાસ્ત્રી ટાઉનશીપ, બી.એક્સ./૧૨, રાજકોટ.

બન્ને હાલ– જિલ્લા જેલ રાજકોટ.

**..... અરજદાર**

**–// વિરૂદ્ધ //–**

**શ્રી સરકાર**

**..... સામાવાળા**

**બાબત:** **બી.એન.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી**

---

**અરજદારો તરફે વિધ્વાન વકીલ શ્રી સી.ડી.સાંકળીયા**
**સામાવાળા સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એ.એચ.જોષી**

---

## – ચુ કા દો –

(૧) આ કામના અરજદાર/આરોપીઓની રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૧૨૦૮૦૪૪૨૬૦૫૨૫/૨૦૨૬ ના કામમાં બી.એન.એસ.ની કલમ–૩૫૨, ૧૧૮(૨), ૩૫૧(૨), ૫૪ તેમજ જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે અટક કરેલ હોય અને અરજદાર/આરોપીઓ જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં હોય તેથી અરજદાર/આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટે આ જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) આ જામીન અરજીની નોટીસ સામાવાળા સરકારશ્રી વતી ડી.જી.પી.શ્રીને બજતા એ.પી.પી.શ્રી એ.એચ.જોષી હાજર થયેલા છે અને આંક–૬ થી ત.ક.અધિકારીનું સોગંદનામુ રજુ રાખેલ છે.

(૩) ત્યારબાદ અરજદાર/આરોપીઓ તરફે તેમના વિ.વકીલશ્રીની તેમજ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો રૂબરૂ સાંભળી.

(૪) અરજદાર તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીઓ તદ્દન નિર્દોષ છે. તેઓએ કોઈ ગુનો કરેલો નથી તેમ છતાં આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. આ કામના અરજદારો વિરૂદ્ધની ઉપરોક્ત કહેવાતા ગુન્હાની ફરિયાદ જોવામાં આવે તો અરજદારો વિરૂદ્ધ કોઈ સ્પષ્ટ આક્ષેપો નથી. ફરિયાદીની ફરિયાદ જોવામાં આવે તો આ કામના અરજદારોએ સાહેદને કોઈ ગંભીર પ્રકારની ઈજા કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. અરજદારોનો કહેવાતા બનાવમાં કોઈ સક્રિય રોલ ફરિયાદમાં જણાવેલ નથી. વધુમાં  અરજદારો ઘણાં સમયથી જ્યુડીશીયલ કસ્ટડીમાં કેદમાં છે. આ ગુનાના કામે હવે વધુ કોઈ ઈન્ટ્રોગેશનની જરૂરીયાત નથી. તપાસના કામે આરોપીઓની જરૂર નથી.  આ ગુનાના કામે ઈજા પામનારને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી દીધેલ છે અને તેઓ ભયમુક્ત છે. વધુમાં  અરજદાર/આરોપીનો કોઈ ગુનાહીત ભુતકાળ નથી. આરોપી સામે આક્ષેપવામાં આવેલા ગુનાના કોઈ તત્વો ફલીત થતા નથી. અરજદાર/આરોપીઓ વિરૂદ્ધનો ગુનો જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો

છે. આરોપીઓને જો લાંબો સમય સુધી તેઓને જેલમાં રાખવામાં આવે તો તેનુ કુટુંબ ભુખમરાની સ્થિતિમાં મુકાય જાય તેમ છે અને બીફોર ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે, તેથી જામીન એ નિયમ અને જેલ એ અપવાદનો સિધ્ધાંત ધ્યાને રાખીને અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવશે તો જામીન મુકત કરતી વખતે નામદાર કોર્ટ જે કાંઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનું અરજદારો પાલન કરશે. અરજદારો રાજકોટના રહેવાસી છે અને કુટુંબ પરિવાર ધરાવે છે અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી. તપાસ પૂર્ણ થતા, ચાર્જશીટ થતા અને કેસનો ગુણ–દોષ પર નિર્ણય થતા ઘણો સમય લાગે તેમ છે. આ તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદારોને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાની રજુઆત કરેલ છે.

(૫) સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, અરજદારો વિરુધ્ધ ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. ફરિયાદ હકીકત મુજબ આ કામના ફરિયાદીના દિયર અમીતભાઈ મુળજીભાઈ ચુડાસમા નાઓ સાથે આ કામના આરોપીઓએ ગાળો બોલી કહેવા લાગેલ કે હિમેશભાઈ હરેશભાઈનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તથા ધોરણ–૧૨ નું રીઝલ્ટનું પ્રમાણપત્ર તેઓએ ક્યાંક ગુમ કરેલ છે. તેમ કહી ગાળો બોલતા ગાળો આપવાની સાહેદ અમીતભાઈએ ના પાડતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ તેમની પાસે રહેલી છરીઓ વડે સાહેદને ડાબા કાન તેમજ ગળાના ભાગે તેમજ માથામાં તેમજ છાતીની બન્ને બાજુ છરીઓથી ગંભીર ઈજા કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, પોલીસ કમિશનર સાહેબના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે. અરજદાર/આરોપીઓ વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે. આ કામે હાલમાં તપાસ ચાલુ છે અને મહત્વના તબક્કા ઉપર પેન્ડીંગ છે, તેવા સંજોગોમાં અરજદાર/આરોપીઓ જામીન મુકત કરવામાં આવશે તો ફરિયાદી, સાહેદોને નુકશાન પહોંચાડે, ડરાવી ધમકાવી તોડવા ફોડવા પ્રયત્ન કરશે કે ફરીથી આ પ્રકારનો ગુનો કરશે કે નાસી ભાગી જશે અને ટ્રાયલ વખતે સહેલાઈથી હાજર રહેશે નહી, તેવી

શક્યતા રહેલી છે, તેથી કેસ ચાલવામાં પણ વિલંબ થશે તે સંજોગોમાં તેમજ ઉપરોક્ત હકિકતોને ધ્યાનમાં લઈ વિ.એ.પી.પી.શ્રીએ આ જામીન અરજી રદ કરવા આ કોર્ટને વિનંતી કરેલ છે.

(૬) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજૂઆત, અરજીમાં જણાવેલ હકીકતો તથા તપાસના કાગળો વંચાણે લીધા અને તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ વંચાણે તેમજ ધ્યાને લીધુ. પોલીસ તપાસના કાગળો વંચાણે લેતાં જણાઈ આવે છે કે, આ કામના ફરિયાદીના દિયર અમીતભાઈ મુળજીભાઈ ચુડાસમા નાઓ સાથે આ કામના આરોપીઓએ ગાળો બોલી કહેવા લાગેલ કે હિમેશભાઈ હરેશભાઈનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તથા ધોરણ-૧૨ નું રીઝલ્ટનું પ્રમાણપત્ર તેઓએ ક્યાંક ગુમ કરેલ છે. તેમ કહી ગાળો બોલતા ગાળો આપવાની સાહેદ અમીતભાઈએ ના પાડતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ તેમની પાસે રહેલી છરીઓ વડે સાહેદને ડાબા કાન તેમજ ગળાના ભાગે તેમજ માથામાં તેમજ છાતીની બન્ને બાજુ છરીઓથી ગંભીર ઈજા કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, પોલીસ કમિશનર સાહેબના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, એકબીજાને મદદગારી કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલાનો આક્ષેપ છે. પરંતુ આ કામે ઈજાપામનારને હોસ્પિટલમાંથી રજા આપી દીધેલ છે અને ત્યારબાદ ઈજાપામનારને ઈજામાં કોઈ કોમ્પ્લીકેશન થયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે તેવી કોઈ પ્રોસીકયુશન તરફથી રજુઆત નથી. વધુમાં અરજદારો વિરૂદ્ધનો ગુનો જે.એમ.એફ.સી. ટ્રાયેબલ છે. પોલીસ સોગંદનામા મુજબ અરજદાર/આરોપીઓ કોઈ ગુનાહીત ભુતકાળ ધરાવતા હોવાનું જણાઈ આવતુ નથી. વધુમાં હાલના તબક્કે અરજદારો પાસેથી કોઈ રિકવરી કે ડિસ્કવરી બાકી હોવાનું જણાઈ આવતુ નથી અને મોટા ભાગની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે તેથી વધુ કસ્ટડીની આવશ્યકતા રહેતી નથી તેમજ અરજદાર/આરોપીઓ રાજકોટના રહેવાસી હોય, કુટુંબ પરિવાર ધરાવતા હોય કયાંય નાસી ભાગી જશે નહીં તેની ખાતરી આપતા હોય વધુમાં અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવામા આવશે તો જામીન મુકત કરતી વખતે કોર્ટ જે કાંઈ પણ શરતો ફરમાવશે તે તમામ શરતોનું અરજદારો પાલન કરવાની ખાત્રી આપતા હોય તે સંજોગોમાં, તેમજ

જામીન મંજુર કરવા એ નિયમ છે અને જેલમાં મોકલવા તે અપવાદ છે તેમજ જામીનનો ઈન્કાર કરવામાં આવે તો તે આર્ટીકલ ૨૧ હેઠળ સ્વાતંત્રય અંગેનો જે મૂળભૂત અધિકાર આપેલ તેના ઉપર અંકુશ મુકવા બરાબર છે, અચોકકસ સમય સુધી કસ્ટડીમાં રાખવા તે આર્ટીકલ ૨૧ ના ભંગ સમાન ગણાય. પરંતુ સાથે સાથે અરજદાર/આરોપીઓની હાજરી સુનિશ્ચિત કરવા માટે તેમજ આરોપીઓ તેમજ ફરિયાદી અને સાહેદો રાજકોટમાંજ રહેતા હોય શાંતિ ભંગ ન થાય તે માટે આરોપીઓને જામીન મુકત કરતી વખતે કડક શરતો લાદવી ઉચિત જણાતુ હોય ઉપરોકત સંજોગો અને હકીકતો તથા અરજીની વિગતો, આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપ, આરોપીઓનો રોલ, આક્ષેપિત ગુન્હામાં સજાની જોગવાઈ તથા જામીન સંદર્ભે નામ. ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં અરજદાર/આરોપીને શરતોને આધિન જામીન મુકત કરવા ન્યાયોચિત જણાતુ હોય, અરજદારોની જામીન અરજી મંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના અરજદાર/આરોપીઓની હાલની આ રેગ્યુલર જામીન માટેની ફો.પ.અરજી નં. **૨૩૨૮/૨૦૨૬** આથી **મંજૂર** કરવામાં આવે છે.

અરજદાર/આરોપીઓ નં. **૧. હિમેશ હરેશભાઈ વાઘેલા,** ઉ.વ.–૧૯, રહે. લાલ બહાદુર શાસ્ત્રી ટાઉનશીપ, બી.બી./૦૨, રાજકોટ, તેમજ આરોપી નં. **૨. કરમજીતસીંઘ સતનામસીંઘ બાવરી,** ઉ.વ.–૨૪, રહે. લાલ બહાદુર શાસ્ત્રી ટાઉનશીપ, બી.એક્સ./૧૨, રાજકોટ વાળાને રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૧૨૦૮૦૪૪૨૬૦૫૨૫/૨૦૨૬ ના કામમાં બી.એન.એસ.ની કલમ–૩૫૨, ૧૧૮(૨), ૩૫૧(૨), ૫૪ તેમજ જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે દરેક અરજદાર/આરોપીએ રૂ૦ ૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સદ્ધર જામીન તેમજ તેટલીજ રકમનો જાતમુચરકો સંબંધિત નીચેની કોર્ટ સમક્ષ રજુ કર્યેથી નીચેની શરતોને આધિન અરજદાર/આરોપીઓને ક્રિમીનલ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

(૧) અરજદાર/આરોપીઓએ હવે પછી કોઈપણ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરવું નહીં તપાસમાં સહકાર આપવો.

(૨) અરજદાર/આરોપીઓએ ફરિયાદપક્ષના સાહેદોનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્ક કરવાનો પ્રયત્ન કરવો નહીં કે ધાક ધમકી આપવી નહીં કે સાહેદોને તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહીં.

(૩) અરજદાર/આરોપીઓએ હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી મેળવ્યા વગર ભારત દેશની હદ છોડવી નહીં.

(૪) અરજદાર/આરોપીઓએ દિવસ–૭ માં પાસપોર્ટ નીચેની કોર્ટમાં જમા કરાવવો અન્યથા તે અંગેનું સોગંદનામું નીચેની કોર્ટમાં રજુ કરવું.

(૫) અરજદાર/આરોપીઓએ પોતાનું રહેણાંકનુ લોકલ તથા કાયમી સરનામુ તથા ધંધાનુ લોકલ તથા કાયમી સરનામુ, મોબાઈલ નંબર, આધાર કાર્ડની નકલ, ચુંટણીકાર્ડની નકલની વિગતો સાથે નીચેની કોર્ટમાં લેખિતમાં પુરસીસથી જાહેર કરવું અને સંબંધિત ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર અરજદારે પોતાના રહેણાંકના સરનામામાં તથા મોબાઈલ નંબરમાં ફેરફાર કરવો નહી.

(૬) અરજદાર/આરોપીઓએ તેમની વિરૂદ્ધના ગુનામાં ચાર્જશીટ ફાઈલ ન થાય ત્યાંસુધી **દર અઠવાડીયે એક વખત** સંબંધિત પોલીસ સ્ટેશનમાં **સવારે ૯.૦૦ થી ૧૪–૦૦** દરમિયાન હાજરી પુરાવવી. તેમજ ચાર્જશીટ ફાઈલ થઈ ગયા બાદ **૬ માસ સુધી દર પંદર દિવસે એક વખત** સંબંધિત પોલીસ સ્ટેશનમાં સવારે ૯.૦૦ થી ૧૪–૦૦ દરમિયાન હાજરી પુરાવવી.

(૭) અરજદાર/આરોપીઓએ જામીનની તારીખથી તેમના વિરૂદ્ધ ટ્રાયલ પૂર્ણ ન થાય ત્યાંસુધી તપાસ અધિકારી દ્વારા તપાસના કામે બોલાવવામાં આવે ત્યારે, સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે હાજરી પુરાવવા માટે, તેમજ સંબંધિત કોર્ટ

સમક્ષ કેસની મુદત કે કોર્ટ દ્વારા હાજર રહેવાના હેતુસર રાજકોટ શહેરની હદમાં પ્રવેશ કરી શકશે તે સિવાય અન્ય કોઈપણ કારણસર રાજકોટ શહેરની હદમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં અને ઉપરોક્ત હેતુ પૂર્ણ થયા બાદ અરજદાર/આરોપીએ વિના વિલંબે રાજકોટ શહેરની હદ છોડી દેવી.

(૮) અરજદાર આરોપીઓએ ટ્રાયલ કોર્ટમાં દર મુદ્તે હાજર રહેવું.

ઉપરોક્ત કોઈપણ શરતોનો ભંગ થયેથી અરજદાર/આરોપીના જામીન ઓટોમેટીક રદ થયેલા ગણાશે અને ટ્રાયલ કોર્ટ આરોપીઓ વિરુદ્ધ પકડ વોરન્ટ ઈસ્યુ કરી શકશે.

જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.

આ હુકમની યાદી સંબંધિત કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ, આજ તારીખ **૧૮મી**, માંહે–**જુલાઈ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
**તા. ૧૮/૦૭/૨૦૨૬.** **(ઈકરામખાન બશીરખાન પઠાણ)**
**ત્રીજા** અધિક સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ00614)